મિં અબળા

યાનકરૂપી, ધાર્મિક સ્કીટ).

છપનાર—

ધર્મિ અબળા

(એક ચાનકરૂપી, ધાર્મિક સ્કીટ).

લખનાર—એરચ રૂસ્તમજી ગોળવાલા,

પ્રીનસીપલ તથા માલેક, "ગોળવાલા કલાસો,"

ફેલો, ઈનડીઅન ઍજ્યુકેશન સોસાયટી,

સ્થાપક અને ઑ. સૅક્રેટરી, "માઝદયસ્ની

મંડળ," વાઇસ પ્રૅસીડંટ,

ધી સાસાન્યન ગ્રુપ, તથા

અનેક ઈંગ્રેજી તેમજ

ગુજરાતી પુસ્તકોનાં

કર્તા.

ઈ. સ. ૧૯૩૧.

ધર્મિ અબળા.

પાત્રોઃ—

ગુલ—એક સદ્‌ગુણી, ધાર્મિક મનોવૃત્તિ ધરાવનારી, અવસ્તા જાણુતી, જ્ઞાની અબળા.

જર, નાજાં, બાનુ—ગુલની સહીઓ, ફેશનની શીસ્યારીને વખોડનાર, ધર્મજ્ઞાન સંપાદન કરવાને ઇંતેજાર બાનુઓ.

ભુલકું ૧ **ભુલકું ૨** **ભુલકું ૩**	નાનાં ભુલકાંઓ.

માત્ર બે બોલ.

———ംഠം:0:ംഠം———

મુંબઇનાં જાણીતાં બલસારા ત્રેનીંગ ઇનસ્ટીટયુશન તરફથી દર સાલ પ્રાઇઝ ડીસ્ત્રીબ્યુશનનો એક મેળાવડો કરવાનો રવૈયો છે, તે મુજબ ચાલુ સાલનો મેળાવડો તા૦ ૬-૧૨-૧૯૩૧ ને દીને નક્કી થયલો હોવાથી એ ખાતાંનાં માલેકો મી૦ અને મીસીસ બલસારાએ મજકુર મેળાવડા માટે એક બોધદાયક, અને માત્ર એમનાં બાનું વિધાર્થીઓજ રજુ કરી શકે એવો ધાર્મિક સ્કીટ તૈયાર કરવાને મને વિનંતી કરી. જો કે કેટલાંક ઇંગ્રેજી તેમજ ગુજરાતી પુસ્તકો અત્યાર આગમજનાં મ્હારી તરફથી લખાઇને બ્હાર પડેલાં છે તો પણ એક સ્કીટ લખવાને હું પ્રથમ અચકાયો; કારણ કે એ દિશામાં મેં અત્યાર લગી મ્હારી કલમ અજમાવી ન હતી. છતાં પણ મને નાટકોનો શોખ હોવાથી અને મ્હારા સ્કુલ તથા કૉલેજનાં દિવસોમાં અનેક ઇંગ્રેજી ગુજરાતી પીસીસો રજુ કરી કાંઇક અનુભવ મેળવ્યો હતો તેને અનુસરીને એક નાની નમ્ર કોશેષ માટે મેં બીડું ઝડપ્યું, અને આ "ધર્મિ અબળા" ચિત્રી કાઢયો.

અને હવે એ દિશામાંની આ મારી પ્રથમ કોશેષ કેટલે દરજ્જે ફત્તેહમંદ નીવડી છે તે જોઇ લેવાનું કામ મ્હેરબાન તમાશબીન આલમનું છે. જો મને આ કાર્યમાં ઘટતું ઉત્તેજન મળવા પામશે તો એ દિશામાં પણ કંઇક વધુ કરી બજાવવાની મને ઉમેદ છે.

આ મ્હારી નવી નાની કેતાબ એક એવા ભલા ભાઇને અર્પણ કરવાનું મને સુઝયું છે કે જેઓ મ્હારી તો પસંદગી પામ્યા છે પણ તમામ વાંચનારી આલમની પણ પસંદગી પામશે એવી મને દરેક વક્કી છે. ભાઇજી અરદેશર એદલજી અંગાલી મ્હારા એક ઘણું ભલું ઇચ્છનારા, દીલોજાન, લાયકીવાળા મિત્ર છે. આપણા માદરવતન ઇરાનની આબદમાં બારે અમ લેવા માટે ઘણા જાણીતા છે. ફારસી ભાષાના એક અઠંગ સ્કોલર તરીકે, અનજુમને મવદ્દતના વાઇસ–પ્રેસીડંટ તરીકે, તેમજ પારસી કોમનાં તથા ઇરાનનાં હિત માટે કાર્ય કરતી સંસ્થાઓના એક ઘણા ખંતીલા કાર્યવાહક તરીકેની એ ભાઇની સેવાઓ ઘણી જાણીતી છે. એઓ ભાઇ એક સાચ્ચા કોમહિતકારી ગ્રહસ્થ છે, જાહેર લેખક અને ભાષણકર્તા છે,

અને કોમને લગતાં કંઇ પણ શુભ કામને પોતાની બનતી દરેક સહાયતા આપવાને હંમેશાં તત્પર રહે છે. એવા એક ભલા, લાયકીવાળા, સદગુણી અને દીલસોઝ મિત્રને આ મ્હારી "ધર્મિ અબળા" ની નાનકડી કેતાબ ઘણાં માન અને વ્હાલ સાથે અર્પણ કરતાં મને ખરેજ ઘણી ખુશાલી હાંસલ થાય છે.

આ મ્હારા રાબેતાના બે બોલ ખતમ કરતાં હું એટલીજ દોઆ ગુજારૂં છું કે આપણી નાનકડી, બખ્તાવર કોમ સદા સુખી અને આબાદ રહે, તેની ઉધરતી ઓલાદની ધર્માસ્થામાં ચાલુ વધારો થતો રહે, અને તે દાદગર દાવરનાં ચુનંદામાં ચુનંદા આશીષો તેની ઉપર સદા ઉતરી તેની દસે દીશ બોલ-બાલા પોકરાય અને જય જયકાર થાય! આમીન!!

"ગોળવાલા કલાસ,"
કોટ, મુંબઇ,
તા૦ ૧-૧૨-૧૯૩૧.

લી૦ સેવક,
એરચ રૂસ્તમજી ગોળવાલા,
કર્તા.

મી૰ એરચ ગોળવાલાનાં લખેલાં

પુસ્તકો—

માઝદયસ્નની મોતેબરી—શ—ઉ—ઓ. ડૉ. સર જી. જ. મોદીનાં ફોરવર્ડ સાથે કિં. રૂ. ૧).

ઝરથુશ્ત્રનાં ગાથા ગુજરાતી બયતમાં—મ. શ—ઉ—ઓ. વડા દસ્તુર ડૉ. દારાબ પે. સંજાણાંનાં ફોરવર્ડ સાથે. કિં રૂ. ૨).

The Perfect English Teacher—ઇંગ્રેજી ગ્રામર અને કૉમપોઝીશનનું લગભગ ૫૦૦ સફાનું મોટું ઇંગ્રેજી પુસ્તક (છપાય છે.)

પારસી લગ્ન, તેની બુલંદી અને આશીર્વાદ—વડા દસ્તુરજી સાહેબ સરદાર ખાન બહાદુર દસ્તુર નોશીરવાન કૈકોબાદનાં ફોરવર્ડ સાથે. કિં. આના ૮.

ખાસ લગન પ્રસંગે **ભેટ આપવા સુંદર બાઈન્ડીંગની જરથોસ્તીઓની ફરજ્યાત બંદગી ગુ. બયતમાં**--મ. શ—ઉ—ઓ. દસ્તુર ડૉ. દારાબ સંજાણાંનાં ફોરવર્ડ સાથે. કિં. રૂ. ૧).

Typical Errors in English Corrected—મોટા ઍજ્યુકેશનીસ્ટોએ અને ખુદ યુનિવર્સીટીનાં પરિક્ષકોએ વખાણેલી. કિં. રૂ. ૧॥.

કદીમ ઇરાનની મોહોટાઇ--અસલ ઇરાનની અનેક બાબદોનું અતિ જાણુવાજોગ બ્યાંન. કિં રૂ. ૧. ખાસ કપડાંનાં પુઠાંની સુંદર બાઇનડીંગનો રૂ. ૧॥.

અષો ફરોહરોની યાદ—એક સંગીત કીર્તન—શ્ના-ઉ-ઓ. ડૉ. સર જીવનજી જ. મોદીનાં ફોરવર્ડ સાથે. કિં. આના ૪.

ધર્મે અબળા--એક ચાનકરૂપી, ધાર્મિક સ્કીટ. કિં. આના ૪.

બહારગામ વી. પી. પી. થી મોકલવામાં આવે છે. સર્વે પુસ્તકો માટે મોટા મોટા વિદ્વાનોએ, કાબેલ અભ્યાસીઓએ અને જાહેર વર્તમાન પત્રોએ ભારે વખાણુનાં ઉદગારો બહાર પાડયા છે અને જાહેર આલમને ખરીદવાને ખાસ ભાર મુકીને ભલામણુ કીધી છે. તમે પણુ જરૂર મંગાવી વાંચશો.

મળવાનું ઠેકાણું—

એરચ રૂસ્તમજી ગોળવાલા,

પ્રીનસીપલ અને માલેક, **"ગોળવાલા કલાસો,"**

ખુંબાખાનાં સામે, કોટ, મુંબઇ.

અર્પણ.

મ્હારાં જાહેર કાર્યોનાં એક સાચ્ચા વખાણનારા, મ્હારાં અદનાં
પુસ્તકો અને લખાણોના એક મોટા હીમાયતી, મ્હારા
ભલા અને લાયકીવાલા મિત્ર ભાઇ અરદેશર એદલજી
બંગાલીને "ધર્મિ અબળા" નું આ નાનકડું
પુસ્તક એમની ભલી લાગણીની તેમજ
એમના અનેક સદગુણોની
પીછાણમાં દરેક ભલી
દુવાઓ સાથે
અર્પણ
કરૂં
છું.

કર્તા.

ફારસી ભાષાના એક અઠંગ અભ્યાસી



મી૦ અરદેશર એદલજી બંગાલી.

ધાર્મિ અબળા

(એક ચાનકરૂપી, ધાર્મિક સ્કીટ.)

સીન—એક ડ્રૉઇંગ રૂમ.

ગુલ—હાથમાં પાક અવસ્તા કેતાબ લઇને ભણે છે.—

બનામે યઝદે બક્ષાયન્દેહ બક્ષાયેશગરે મહેરબાન. નામ સેતાયશને અહુરમઝદ હમાબુદ ઓ હમાહસ્ત ઓ હમાબેદ. નામે યઝદે સ્પેનામીનો અંદરચ મીનોઆન મીનો અજશ ખુદશ યકનામ અહુરમઝદચ. ખુદાએ મેહેસ્ત ઓ તવાના ઓ દાના ઓ દાદાર, ઓ પર્વર્તાર ઓ પાના ઓ ખાવર ઓ

કેરફેહગર એ અવક્ષીદાર અઝીઝેહ વેહ દાદસ્તાની હુમાઝોર.

(ગુલની મિત્રો જર, નાજાં, બાનું તથા ત્રણ નાનાં બાળકો મળવા આવે છે. ગુલને બાગે બુલંદ અવાજે, એક ચિત્તે ભણતાં સાંભળી દાખલ થતાં જરા અચકાય છે અને ઉભાં રહીને સાંભળે છે.—ગુલની નજર પોતાનાં મિત્રો ઉપર પડતાં તેઓને આવકાર આપે છે, અને ભણવાનું બંધ કરે છે.)

ગુલ—આવો, વ્હાલાંઓ, હું તમોને જોઇને ઘણી ખુશી છું.

જર—વહાલી ગુલ, ત્હારી બંદગીમાં અમોએ ખલલ કરી તે માટે અમો દલગીર છીએ.

નાજાં—અરેરે, અત્યારે આવવાને બદલે સાંજે મેં કહ્યું તેમ આવતે તો કેવું મજાનું થતે! ગુલ, તુને ભણતી અટકાવવામાં અમોએ ખરેજ ખોટું કામ કર્યું છે.

બાનું—હા, બહેન ગુલ, એ લોકો કહેછ તે ખરૂં છે–પણ મને તો બા ત્હારી ભણવાની ઢબ ઘણીજ ગમી. ત્હારી ભણવાની રીતે, તથા અવાજે અમોને બે મીનીટ

લગી ગોયા આફર્રીંજ રાખ્યાં અને અમે તુંને સાંભળતાં ઉભાં રહ્યાં તે તું જાણે છે? આહા, હું કેવું ઇચ્છુંછ કે તહારી માફકજ હું પણ ભણું.

ગુલ—બહેન બાનું, તું મ્હારાં ભણવાની તારીફ કરેછ તે માટે હું ત્હારી આભારી છું. પણ બહેન, એનું મુખ્ય કારણ એ કે મેં અવસ્તાનો અભ્યાસ કર્યો છે અને તેથી હું સમજીનેજ ભણતી હોવાથી સારી અસર ઉપજાવી શકું છું. તમે આવ્યાં ત્યારે મેં "દોઆ નામ સેતાયશ્ને" શરૂ કીધી હતી. તે તમોને આટલી ગમી તો હું તેનો અર્થ દર્શાવનાર ગુજરાતી બયતો તમો આગળ બોલું છું તે તો તમોને એથીબી જ્યાદા ગમશે કારણ કે આપણે શું ભણયે છીએ તે સમજવામાં ખરેજ એક મોજ છે. બુલંદ અવસ્તાના કલામો એટલા તો ન્યારા છે કે તે ભણ્યા પછી જો તેનો અર્થ સમજાય તો આપણને ખરેજ ખુશાલી અને સંતોષ હાંસલ થાય—સાંભળો—

(ઉપલા અવસ્તા ફકરાનો અર્થ સંભળાવે છે.)—

(ગુજરાતી બયત.)

ખુદા જે નેઆમત બક્ષનાર છે,
ગુનાહોનો જે માફ કરનાર છે.
વળી જે દયાનો દયાળુ કહેવાય,
શરૂ તેનાં નામે કરૂં છું હું આય
અહુરમઝદ હતો જે હમેશાં અગર,
સદા છે ને રહેશે સદાનો અમર.
તેનાં નામની ગાવું કીર્તિ તમામ,
જે ગબી વૃદ્ધિ કર્ત્તા દાવર છે નામ.
તથા ગબી છે ગબીઓમાં તમામ,
તેનું છે પોતાનું અહુરમઝદ નામ.
તે સાહેબ છે બુઝોર્ગ અતી જોરમંદ,
જે પયદાનો કર્તા છે બહુ અક્કલમંદ.
તે પાળણ ને રક્ષણનો કરનારો છે,
સવાબી ને બરદાસ્ત લેનારો છે.
ગુનાહ માફ કરનારો ખાલેસ બી તે,
તથા સર્વ શક્તિનો ઈનસાફી જે!

ત્રણે જણા—આફ્રીન ! આફ્રીન !!

જર—ઓ ખુદા, કેવું સ્વીટ–કેવું સુંદર ! આપણાં પાક ભણતરો માટે આપણને ઘણું ઘણું કહેવામાં આવ્યું છે કે તેઓ ઘણાં ફીલસુફી ભર્યાં અને મોતેબર છે, પણ તે ભણતરો આપણે પોતે જ્યારે સમજયે છીએ ત્યારેજ તેઓ આપણી ઉપર ઉમદા અસર ઉપજાવી શકે છે, એમ આપણની હવે ખાત્રી થાય છે.

ગુલ—હા, ખરી વાત છે. એ ઉપરાંત જ્યારે આપણે બુલંદ માઝદયસ્ની જરથોસ્તી ધર્મની મોતેબરી સમજીને એ મહાન ધર્મનાં ફરમાનો મુજબ ચાલવાનો પ્રયાસ કર્યે છીએ, ત્યારેજ આપણે એક ખરેખરી નમુનેદાર જીંદગી ગુજારી શકયે છીએ. હુમત, હુખ્ત, અને હુવર્શ્ત ઉપ-રજ આપણા ધર્મનો પાયો રચાયલો છે. કેમ બુલકાંઓ, એ તો વાત તમે બી જાણો છોની ?

બુલકું ૧—હુમત ? એટલે નેક વિચાર—

નેક વિચારો જે કરી—રહેશે સદા નેક,
ભવ પાર તરી જશે—જાળવી જગે ટેક.
મનશ્નીમાં મહાલજો—રહી બદીથી દૂર,
જોશો તેથી મુખ પર—પાક ખુદાનું નૂર.

જુલકું ૨—હુખ્ત ? એટલે નેક સુખન—

નેક સુખન જે બોલે—માની રબ ફરમાન,
કરશે ફેરો વસુલ ખુદ—આ ગેતીને દરમયાન.
ગવશ્ની રૂડી રાખજો—રાખી રબનો ડર,
મુખથી સાચું બોલજો—રાજી રહે દાદગર.

જુલકુ ૩—હુવર્શ્ત ? એટલે નેક કામ—

નેક કામ કરો સદા—અય નર ને નાર,
થાશે જેથી જગતમાં—સુખ્યો તમ સંસાર!
કુનશ્નીથી પામશો—અંતે રૂડું નામ,
ત્રણ એ સદગુણ સદા—આવશે અંતમાં કામ.

ગુલ—વહાલી બહેનો, આ ત્રણે આપણાં જરથોસ્તી ધર્મનાં

મૂળ સિધ્ધાંતો છે. એ મુજબજ અમલ કરવાથી આપણે આપણું જીવન સફળ કરી શકયે છીએ, પણ ખરેજ દલગીરીની વાત છે કે હાલમાં આપણી કોમમાં કેટલીએક નાશકારક બદીઓ દાખલ થવા પામી છે, જેના પરિણામે ઉછાછલાપણું, છાલકાપણું અને ફેશનની શીશાયારી યાહોમ વધી છે, અને કોમ ખરાબીનાં ખડક તરફ ઘસડાતી જાય છે.

ફેશન, ફેશન ના કરો—ફેશન વાલેછ મોહકાણ,
કોમની કીશ્તી ભયમાં છે—નથી તેનુ સુકાન.
ફેશન ચીજ છે બુરી—કજ્યાનું તે મુળ,
સંસારમાં કડવાશ ને—સંસારની તે ધુળ.
દેખાદેખીથી તમે—કરો ના વાંદર વેશ,
મગોલ સુઝે વાળ્યો—જીવી શકયો ન લેશ.

નાજાં—બહેન, ફેશનથી થતી ખુવારી વિષે તો તું બોલતીજ નાં—એવા ફેશનનાં રોહમાં ઘસડાતાં આજે કેટલી જવાન બાળાઓ પોતાની ઉપર, પોતાના

કુટુંબની ઉપર, અને ખુદ પોતાની કોમની ઉપર બોજારૂપ થઇ પડી છે. ઇંગ્રેજોની વાંદર નકલ કરતાં મોઢાં ઉપર પાવડર અને રંગનાં લેપડા કરી કેવી કદર બીહામણી લાગે છે, અને સામાની નજરમાં ખુબસુરતને બદલે કેવી બદસીકકલ દેખાય છે તે, અફસોસ કે, તેઓ સમજી શકતી નથી!

બાનુ—વળી હમણાં હમણાં તો એવા વાંદર નકલ કરતાં માથાંના બાલો પણ કપાવવા લાગી છે. જો આવતી કાલથી યુરોપ્યન બાનુઓ માંથાં ઉપરનાં બાલ સદંતર કાઢી નાખે તો આપણી એ ચીબાવલી બહેનપણીઓ પણ તેમજ કરવામાં ફેશન સમજે તો આપણે અજાયબ નહિં થઇએ. એમ બોલીને, બહેનો, હું એટલુંજ બતાવવા માંગું છું કે ફેશનનો ખ્યાલ આપણી એ ઉછાછળી બહેનો કેટલી હદ સુધી ખોટો ધરાવી રહી છે! જે આબરૂ, ઇઝત અને સ્વમાન આપણા માય મમઇઓ ધરાવતાં હતાં તેમાં દીન બ દીન ઘઠાડો થતો જોઇ આપણુને ખરેજ શરમ ઉપજે છે.

જર—હાલમાં વળી કેટલીક બહેનો માથાં ઉપર સાડીની સોડ પણ ક્ર્યા વગર રસ્તામાં અને જાહેર જગ્યાઓમાં ફરે છે તે તમોએ જોયુંછ કે? આવાં છાળકાપણાંથી આપણો દી કદી બી સુધરવાનો હતો કે?

ગુલ—શું સુધરે? વહાલી બહેનો, કપાળ સુધરે! જો આવી જાતનો બેઅંદાજાભર્યો બેમહલાજાભર્યો દેખાવ જાહેરમાં ચાલુ રહયો તો જે ભલું નામ કોમની બાનુંઓ મેળવી શકી છે, જે આબરૂ અને ઇજ્ઝત કોમ પરકોમમાં ધરાવી શકી છે, તે ભલાં નામ અને ઇઝતનો નાશ થવાને મોટો ભય રહે છે.

હું અંતઃકરણથી ઇચ્છું છું કે— (ગાય છે.)

સાદાઇનું સુખ.

ગાયન—રાગ આશાવરી—તાલ ત્રીતાલ.

થાય બળાઓ દૂર બહેનો, થાય બળાઓ દૂર.
હોય કોમે ઉર પૂર બહેનો, થાય તેઓ દૂર.—

મોહ ફેશનનો દઇ છોડી, સાદાઈમાં માનો સુખ
અષોઇ કાજે કમર કસી, રાખો રવશન રૂખ.—થાય
સતનો લેજો સાજ સજી, ટળશે જેથી દુઃખ
સાદાઈ સાચી માંહે જોશો, દુન્યાં ભરનું સુખ.—થાય
ધર્મ કાજે રાખો બહેનો, અંતરમાં ખુબ ભુખ
ધર્મ ટાળશે કષ્ટોમાંથી, દેશે મીનોઈ સુખ.—થાય
રૂડું નામ પનોતું પ્યારૂં, રાખો સદા આશકાર
બોલબાલા બોલાય "એરચ" વળી જયજયકાર!–થાય

બાનું—શાબાશ બહેન, ત્હારાં મીઠાં, મધુરાં, નસીહત આમેઝ ગાયનથી અમો કેવાં ખુશ થયાં! ગુલ, હું પણ ત્હારી માફકજ જીગરથી દોઆ ગુજારૂં છું કે આપણી ભલી જરથોસ્તી બહેનો સદગુણી થઇ, સાદાઇ ધારણ કરે, અને આપણાં પવિત્ર મઝહબ ઉપર પુરેપુરી યકીનદારી ધરાવી, તેમાંજ સુખ માની રહે!

ગુલ—પણ ધર્મ ઉપરનું યકીન તે શું? બહેનો, આપણે આતશબહેરામો કે અગ્યારીઓમાં જેમ કેટલાંકોને

જરથોસ્ત સાહેબની આરસી સાથે મીનીટો સુધી નાક ઘસતાં અથવા તો ઉંબર ઉપર લગભગ દસ કે પંદર મીનીટ લગી માથુ ઘસતાં જોઇએ છીએ તેનું નામ ધર્મ ઉપરનું યકીન નથી.

નાજાં—અરે અત્રે મને એક મુઝોર્ગ જરથોસ્તી માટે યાદ આવેછ કે જેઓ ગયા બહેરામ રોજે આતશબહેરામના દરવાજાને ખુબ જોશથી ઠોકતા હતા, અને પોતાની અરજ સાંભળવાને ગોયા દાદાર અહુરમઝદને બોલાવતા હતા. શું આ મુજબ કરવાથીજ આપણી બંદગી સંભળાતી હશે અને નહિં તો નહિં વારૂં?

બાનું—બહેન નાજુ કહે છે તેવોજ એક બનાવ મ્હારા જોવામાં પણ આવ્યો છે. એક દીવસ હું અનજુમનનાં આતશબહેરામમાં ભણુતી હતી તે વેળાએ ત્યાં એક અધોર ઉમરનાં જરથોસ્તી બાનુ આવી લાગ્યાં. થોડોક વાર બંદગી કર્યા પછી, ઉંબર ઉપર નાકઘસણી, ગુનાહની તોજેશ કરી, અનેક અરજો મોટે સાદે ગુજારી.

જાણે એમનો અવાજ ખુદાતાલા નહીં સમજવાના હોય તેમ બારણાઓ ઉપર ટકોરા મારી અફ્ફાડજીક શરૂ કીધી અને છેવટે તો દરવાજા ઉપર ટાંગેલી તોરણ મોટે મોટે ખખડાવવા લાગ્યાં. તોરણના ખણખણાતથી બીજાં બંદગી કરતાં જરથોસ્તી નરનારીઓનું ધ્યાંન તે તરફ ખેંચાયું અને તે ભોળી બાઇની અક્કલનું માપ બરાબર થઇ રહ્યું. એવાં ખેણ કોટકોથી શું આપણે ધાર્મિકમાં ખપી શકયે?

ગુલ—નહી, હરગેઝ નહી. તાબડા ફોડીને કે બારણાઓ ઉપર ટકોરા મારીને યા તોરણો ખખડાવીને કાંઈ આપણી અરજ તે દાદગરને સંભળાવી શકતાં નથી, પરંતુ ખરાં દીલથી અને એક ચિત્તથી કરેલી બંદગી મારફતેજ આપણે તે દાદારને પોહોંચી શકયે છીએ. ગમે એવી ધીમે સાદે કરેલી બંદગી પણ તે દાદારની દરગાહે પોહોંચે છે એવી આપણી અવસ્તા બંદગી પ્રબળ છે.

જર—બહેન, બંદગીનાં બળ વિષે અમોને અમારાં શિક્ષકે

એક ગાયન શીખાડયું છે તે હું તમોને સંભળાવું છું.—

(ગાય છે.)

બંદગીનું બળ.

ગાયન—રાગ ભેરવી— તાલ ત્રીતાલ.

અરે માનો મુજ હમદીનો, બંદગીનું બળ ભારી છે,
તમે માનો, દીલથી જાણો, બંદગી સૌમાં સારી છે.

બંદગી તમને તારશે, ભવસિંધુથી પાર,
બંદા બંદગી જગતમાં, કરશે તુંજ ઉદ્ધાર.—અરે.

બંદગી ખરેજ જાણજો, છે મુક્તિનું મૂળ,
ભલે સંકટ લાખ પડે, પણ બંદગી ના તું ભૂલ—અરે.

બળ ભારી બંદગીનું, બંદા કરજે ત્યાર,
"એરચ" ભવસાગર થકી, થાશે બેડા પાર-
—અરે.

•

ગુલ—ખરેજ બહેનો, આપણી જરૂનું ગાયન બોલેબોલ ખરૂં છે. ગમે એવી સ્થીતીમાં કે ગમે એવા આકળા વખતમાં

કરકાકરકીના વખતમાં લાંબો વખત
ચાલે તેવો ટકાઉ માલ નીચલે
ઠેકાણેથી મળશે.

ફેંટા નવા બેટરસબી ફેલ્ટ હેટ, વેલોર હેટ,
રીચ ટાઇઓ મળશે.

જે. પી. પુનેગર,

૬૩, ગનબાવા સ્ટ્રીટ, તુતનું ઘેર, કોટ.

એલવુડ હેટ, હોકસના કોરક હેટ, બોયઝ હેટ,
પોલો હેટ કીફાયતે મળશે.

જુના ફેંટા તથા કોરકહેટનું રીપેર કામ
કીફાયતે કરી આપશું.

પણ આપણુને ભકિતરસ કાંઈક દીલસોઝી અને સંતોષ આપ્યા વીના રહેશે નહી. આપણી પવિત્ર માંથ્રવાણીઓ એટલી તો જોરાવર છે કે તે પઢવાથી આપણુને ગમે એવી મોટી મુસીબતમાં પણુ ધીરજ મળી શકે છે આપણા મહાન પયગામબર અષો ઝરથુશ્ત્ર સાહેબે શીખાડેલી દીનની વખાણો ખુદ યુરોપના પરજાતના મોટા વિદ્વાનોએ કરી છે, અને એ દીનને એક ખરેખરી શ્રેષ્ટ દીન તરીકે જાહેર કરી છે; શું એ કાંઇ જેવી તેવી વાત છે?

નાજાં—તે વિદ્વાનો કોણ હતા?

ગુલ—તેઓ ડૉ૦ મારતીન હાઉગ, ડૉ૦ સી. પી. ટીલ, પ્રો૦ ડારમેસ્ટટે, બગનુફ વગેરે અનેક હતા. તેઓએ આપણા બુલંદ મઝહબનો ખાસ અભ્યાસ કર્યો હતો. જ્યારે પરકોમીઓ આપણા ધર્મનો અભ્યાસ કરે છે તો શું આપણી ફરજ નથી કે આવા મોતેબર ધર્મનો અભ્યાસ કરવો? એ દીશામાં જો આપણે સેહેજબી બેદરકારી

બતાવ્યે, અને એ મહાન મઝહબનાં ફરમાનો પાળવામાં સેહેજબી પછાત પડયે તો શું તે આપણે માટે શરમભર્યું ન લેખાય?

ભુલકું ૧—ત્યારે અમારી સ્કુલમાં ધર્મની કેળવણી આપવામાં આવે છે તે કેવું મજાનું.

ધર્મ કેળવણી ભલી—કેળવણી ખુશકાર,
ધર્મે કેળવાયલો જુવો—જગમાં પામે સાર.

ભુલકું ૨—અમારી સ્કુલમાં પણ ધર્મનું શીક્ષણ આપવામાં આવે છે.

રૂડું જગમાં શું બીજું—ધર્મ જેવું કામ,
માનવ જગે રહી જશે—ધર્મે અમરનામ.

ભુલકું ૩—જો કે મ્હારાં મંમા મને ઘરમાં ધર્મની સમજણ આપે છે તોપણ હું ખરેજ દલગીર છું કે અમારી શાળામાં ધર્મનું કશું જ્ઞાન આપવામાં આવતું નથી.

ગુલ—શું તમારી સ્કુલમાં ધર્મ કેળવણી આપવામાં આવતી

નથી? ખરેજ એ એક કમનસીબી લેખાય!

ધર્મ જ્ઞાન થકી સદા—જગમાં જયજયકાર,
ધર્મે "ઐરચ" જાણજો—થાશે બેડા પાર!

ધર્મ કેળવણી વિના સર્વ કેળવણી નકામી છે. સાંભળો—

(ગાય છે.)

ધર્મ કેળવણીની અગત્યતા.

ગાયન—રાગ—હોરી—તાલ ત્રીતાલ.

મળે ધર્મ કેળવણી સારી તો દુન્યા ન લાગે અકારી,
ભાગ્યવંતી માનવી, ખુશીવંતી જાણવી,
ધર્મ પીછાણે જે નારી.
ખરૂં સુખ એમાં, નહિં દુઃખ તેમાં,
માનો, દીલથી, તમે બ્હેનો મ્હારી,
છે રૂડી શીખામણ એ ભારી,—મળે.

ભાગ્યશાળી જાણ તે, સુખી હમેશ જે,
ગણે માંથવાણીને પ્યારી,
દીની ફરમાનો પાળી સૌ જાણો,
કહે "એરચ" મનથી વીચારી,
કેળવણીની ખુબીઓ ન્યારી.—મળે.

બાનું—ખરેજ, બહેન ગુલ, તેં ધર્મ કેળવણી લીધી છે, અને અવસ્તાનું જ્ઞાન ધરાવે છે, તેથીજ તું અમોને આવા ઉમદા સબકો સમજાવી શકે છે. જો બહેનો જર અને નાજુ મ્હારી સાથે એકમત થતાં હોય, અને તું બહેન મહેરબાનીની રાહે થોડોક વખત અમોને ધર્મનો બોધ આપવાને ફાજલ પાડી શકે, તો મહારી મરજી છે કે તું ભલી બહેન તરફથી આપણા બુલંદ ધર્મની ખુબીઓનું શિક્ષણ લેવું.

જર-નાજા—હા, અમોને કબુલ છે.

બુલકાં ૧, ૨, ને ૩—અમોને પણ કબુલ છે.

ગુલ—ત્યારે તો હું ઘણીજ ખુશી છું. મેં જે કાંઇ થોડું-

ઘણું ધર્મજ્ઞાન સંપાદન કર્યું છે; તેનો લાભ મ્હારી બહેનપણીઓને આપવાને હું ખરેજ ખુશનસીબી સમજું છું. જો તમોને મ્હારી તરફનાં શિક્ષણથી થોડોક બી ફાયદો થશે તો મ્હારાં કરતાં વધુ ખુશી કોઈ નહી થશે. જો તમે આપણી પાક અવસ્તા કેતાબ શુધ્ધ ઉચ્ચારે સમજીને ભણુશો તો તમોને બેહદ સુખ અને સંતોષ હાંસલ થશે, અને જો તમોને સુખ હાંસલ થશે તો તે મનેજ હાંસલ થયલું માનીશ; કારણ કે આપણી પવિત્ર ગાથાવાણીમાં લખ્યું છે કે, **"ઉશ્તા અહ્માઈ યહ્માઇ, ઉશ્તા કહ્માઇચિત"** યાને "સુખ તેનેજ છે કે જેનાંથી સુખ બીજાંને છે!"

સર્વે—ઓ બહેન ગુલ, તું કેટલી ભલી છે! અમો ત્હારો દીલોજાન આભાર માન્યે છીએ.

ભુલકું ૧—

સુભાગ્ય અમારૂ કે—મળ્યાં બ્હેન ગુલ,
શિક્ષણ દેવા અમને—નહીં તેમાં કાંઇ ભુલ.

કંપાઉંડ સાથના આલીશાન બંગલામાં આવેલું અને વરસોથી વખણાયલું ઘર જેવી સગવડનું, એકજ અપ-ટુ-ડેટ હોટલ તે

રેલવે હોટલ છે.

ચર્નીરોડ જંકશન.........(ટે. નં. ૪૨૫૧૧).

બોરડીંગ અને લૉજીંગ (ખાવા રહેવા સાથે) રૂ. ૪

માત્ર રહેવાનાજ (ખાણા વગર) રૂ. ૨

☞ **અમારા પેટ્રનોની સગવડ કાજે, દારૂની ડયુટી વધવા છતાં છુટક ભાવમાં કાંઈપણ વધારો અમે કર્યો નથી.**

દેવલાલી કૉરોનેશન હોટલ.

ઉત્તમ પુષ્ટીકારક ખોરાક, સુંદર મેનેજમેન્ટ અને ખાસ હોટલ માટેનીજ ઇ. લા. સાથની આલીશાન બીલડીંગથી અતિ લોકપ્રિય થયલું દેવલાલીનું સર્વેથી પુરાણું આગેવાન હોટલ. માત્ર એકજ વખત મુલાકાત લઇ ખાત્રી કરો. ફી ઘણી કીફાયત. શીકારનાં શોખીનો માટે દરેક મનગમતી મોજ તેમજ શીકારપાર્ટીઝ પણ ગોઠવવામાં આવે છે.

લખો:—

માલેક—**નૉશીર સી. એમ. દમણ્યા.**

ઝુલકુ ૨—

શુક્ર તે દાદારના—મળશે ધર્મ જ્ઞાન,
આશીષ એહેની ગુલને—દઈશું દીલોજાન.

ઝુલકું ૩—

ઉપકાર જાહેર માનવા—નથી શબ્દો મુજ પાસ,
યઝદાં પૂરજો ગુલની—હોવો જેબી આશા!

ગુલ—વ્હાલાં મિત્રો, એમાં આભાર માનવાનું શું છે? એમ કરવાની મ્હારી ફરજ છે—અને તેથી હું મ્હારી ફરજ બજાવ્યા સિવાય વધુ શું કરનાર છું જે? આવતા મુંબારક હોરમઝદ રોજથી આપણે એ શિક્ષણ જરૂર શરૂ કરીશું. ચાલો, તે આગમજ આજે આપણે આપણા મહાન માઝદયસ્ની મઝહબની સેવાને લગતી ગરબી જે તમો સર્વે જાણો છો તે જરા ગાઈને છુટાં પડયે.

સર્વે—હા, ચાલો.

(સર્વે ગાય છે.)

ધર્મ સેવા.

ગાયન—રાગ-ગરબી, તાલ ત્રીતાલ.

(૧)

સુનો સજ્જનો રે! શીખો રૂડી અમારી,
કરો ધર્મની સેવા સારી.—(ટેક)
ધર્મ સેવાના બનો હરદમ પુંજારી,
છે એમાંજ સુખની યારી,
અહુર ચરણો પર—જાવો વારી વારી,
માની ખુશીની ખુમારી.
છે ધર્મની સેવા એવી
ખુદાની બંદગી જેવી
મન નિશ્ચય જાણી લેવી
થઇ ભસ્ત્ર સમાન—ભમો ધર્મ પર ભારી,
કરો ધર્મની સેવા સારી.

(૨)

દુઃખો દારૂણ સૌ, ભુલી તમે જાશો,
જો ગુણ યઝદાંના ગાશો.
અહુર સેવાના—મિનોઇ મેવા ખાશો,
અમર્ગી તણું સુખ પાશો.
ધરો યાદી તે દાદારની
સૌના તે પાલણહારની
ઢીલ કરશો ના પળવારની
ધર્મે ધરજો, હાથ સદા સુવીચારી,
કરો ધર્મની સેવા સારી.

(૩)

ધર્મ કેરી ઢાલ, સદા પહેડી રહેજો,
મઝહબમાં માની લેજો.

આફત વર્ષે લાખ સહેજે ન ડરજો,
ધર્મને ઉગારી લેજો.
ગણો ધર્મ પ્રાણથી પ્યારો
જરથોશ્તી ધર્મ ન્યારો
બદકારોને ઠોકરે મારો
તરજો "એરચ" પ્રથમ ધર્મને તારી,
કરો ધર્મની સેવા સારી.

ગોદરેજના સુખડના સાબુ

ગોદરેજના સુખડના સાબુ વાપરો. પણ એવું
નહી કે એ સાબુ સુખડના તેલના બને છે. સુખડના
સાબુ બનાવી શકાએજ નહિ. કોઇ પણ જાતના સા
ચરબી અથવા તેલના બનાવી શકાય. એવી રીતે ચરબી
બનાવેલા સાબુમાં થોડાક ટીપાં સુખડના તેલનાં નાંખવા
છે, અને તેને **સુખડના સાબુ** કહેવામાં આવે છે!!

એજ મુજબ તેલ યા ચરબીના બનાવેલા સાબુમાં થો
ગ્લીસીરીનના નાખી તેવા સાબુને **ગ્લીસીરીનના સ**
વામાં આવે છે!!! ફક્ત ગ્લીસીરીનના સાબુ બનાવી શકા

એક જરમન ચામડીનાં દરદોનાં ડાક્ટર ગો
સાબુ નં૦ ૧ વાપડ્યા પછી અને રસાયણીક તપા
પછી એ સાબુને ખુબસુરતી વધારવામાં ઉત્તમ ગણે છે

મુંબઇ અને પેરીસમાં ઝવેરાતનો ધંધો કરનાર
ઝવેરી **મૉ૦ વોન પ્રાગ** ગોદરેજ ઉપર લખે છે કે "મારે
બહુ નાજુક છે. યુરોપીયન અને અમેરીકન સાબુઓ
વાપરી જોયા છે, પણ હવે હમેશ તમારાજ વાપરું
યુરોપ જાઉં છું ત્યાં પણ તે સાથે લઇ જાઉં છું."